***મે. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં, મુ. તળાજા.***

**ફોજદારી કેસ નં–૧૭૮૨/૨૦૨૫.**

**ફરીયાદી. :–શ્રી સરકાર.** **આંક–૫**

**વિ.**

**આરોપી. :–અરવિંદભાઈ ભગતભાઈ દિહોરા.**

***ગુનો :–ધિ પ્રોહિ. એક્ટની કલમ–૬૬(૧)બી તથા ૮૫(૧)(૨) અન્વયે.....***

**–: ચુકાદો :–**

(૧) ફરીયાદ પક્ષના કેસની હકીકત પ્રમાણે આ કામના આરોપી અત્રેની અદાલતની હકુમતમાં કેફી પીણુ પીધેલ હાલતમાં મળી આવેલ. આ કામે આરોપી સામે એક્ટની કલમ–૬૬(૧)(બી) તથા ૮૫(૧)(૨) હેઠળના ગુનાનું તહોમતનામુ તપાસ કરનાર એજન્સી એ દાખલ કરેલ છે. જે કેસમાં આરોપી તેના વિ.વ.શ્રી સાથે હાજર થયેલ અને આરોપીને પોલીસ–પેપર્સની નકલ આપવામાં આવેલ છે.

(૨) આરોપીએ તેની સામેનો સદર ગુનો કબુલ કરેલ છે અને આજરોજ આરોપીએ સ્વેચ્છાએ ગુના કબુલાત આપેલ છે અને આરોપી પક્ષે રજુઆત છે કે આ તેમનો પ્રથમ ગુનો છે. આરોપી પોતે ગરીબ છે અને આ પ્રકારનો ગુનો ભવિષ્યમાં નહીં કરે. આરોપીએ આવેશમાં સદર ગુનો કરેલ છે અને પોતાના કૃત્યથી કોઈને નુકસાન પહોંચાડેલ નથી તેમજ તેમની પાસે દંડની રકમ ભરવા નાણા નથી તેમ જણાવી, સુધરવાની તક આપવા અરજ ગુજારેલ છે. આરોપીના વિ.વ.શ્રીની રજુઆત છે કે આરોપીએ બનાવમાં કોઈને નુકસાન કરેલ હોય કે, હેરાનગતિ કોઈ ત્રાહિત પક્ષકારને કરેલ નથી. આરોપીને સજાની નહીં, પરંતુ ઈલાજની જરૂર છે.

(૩) આરોપીએ પોતાની સામેનો ગુનો કબુલ કરેલ છે. આરોપીની ગુના કબુલાત સાચી યાને સ્વૈચ્છીક હોવાનું આરોપીને પુછતા, આરોપીએ જણાવેલ

છે. આમ, ઉપરોક્ત તમામ બાબતો ધ્યાને લેતા, આરોપીને સુધરવાની એક તક આપવાના ઈરાદે, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

**-: <u>હુકમ</u> :-**

**૧.** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૨૭૫ મુજબ આરોપીને ગુજરાત પ્રોહિ. એક્ટ-૧૯૪૯ની કલમ-૬૬(૧)(બી) તથા ૮૫(૧)(૨) અન્વયેના ગુનામાં તકસીરવાન ઠરાવી, દિન-૫ની સાદી કેદની સજા ભોગવવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ-૧૩, માહે-માર્ચ, સને-૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

સ્થળ :-તળાજા.

**(કુ. મૃણાલી જિગીશકુમાર કિકાણી)**
જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ-તળાજા.
(કોડ નં.-જી.જે.૦૧૫૪૯).

એચ.બી.જોષી.